ॐ

વૈદિક

ભજન-સંગ્રહ.

(ગુજરાતી વિભાગ.)

ઇશ્વર સ્તવન.

ભજન (૧)

નમામિ મંગળ જગના પતિ. (૨)
નમામિ દયાળા વિમળ ધીપતિ —ટેક.
નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત વિભુવર—
સચ્ચિદાનંદ શ્રી પતિ,
સકળ જગદાધાર પ્રભુજી (૨) મંગળ જગનાપતિ.
નિર્વિકાર અનાદિ અનૂપમ—
અજર અક્ષર અઘહરા,
અભયપદ અવિચળ તમારૂં (૨) મંગળ જગનાપતિ.

અકથ અદ્દભુત રૂપ ગુણતમ—
ગહન રતિ કૃતિ છે અતિ,
મર વિચાર કરે મહામતિ (૨)
સુખકરા! મુદભરા! ભયહરા! ઇશ્વરા!
દુખ વિદારક ભવ સુધારક—
જગ ઉદ્ધારક શંકરા,
તરણ તારક દુષ્ટ મારક (૨) મંગળ જગનાપતિ.

ભજન (૨) રાગ પીલુ.

દેવ નિરંજન સહુમાં વ્યાપક, સર્વ સમયમાં સાક્ષી મનનો.
પાલક સૃષ્ટિ તણો પ્રતાપી, દાની ત્યાગ દાતા અન્નનો. દેવ૦
જ્ઞાન વિજ્ઞાન અનંત મહેશ્વર, અવિચળ એક તુંહી સૌ જનનો. દેવ૦
બહુ નામી તું તત્વ સ્વરૂપી, કરતા ભરતા તું ત્રિભુવનનો. દેવ૦
કવી કહે ચિદરૂપ પ્રભુ તું, દાતા નિર્મળ બુદ્ધિ ધનનો. દેવ૦

ભજન (૩) રાગ માઢ.

પ્રભુજી મારા, પ્રાણથી પ્યારા, વિશ્વ આધાર આપ ટેક૦
આધાર એકજ આપનો છે, સર્વેશ્વર તું શ્યામ;
ઘટઘટમાં વ્યાપક વ્હાલા, તારા અગણિત નામ;
દેવ અમારા, દુઃખ હરનારા, જપું તમારો જાપ. પ્રભુજી૦
રમણીક તેં રચના કીધી, નાટક વિશ્વવિલાસ;
સૂત્રધાર જિમ સૂત્રાત્મા તું, સદ્દચિત જ્ઞાન પ્રકાશ;
પાતકી તારણ, દુખ વિદારણ, શર્ણ સુધારણ છાપ. પ્રભુજી૦
દીનાનાથ દયાળુ દેવા, પ્રભુ અધમ ઉધાર;
ગૌરીશંકર ગરીબ કેરા, અન્ય નહિં આધાર;
પ્રેમ પ્રસારણ, કષ્ટ વિદારણ, વિશ્વના કારણ આપ. પ્રભુજી૦

ભજન (૪) રાગ ધનાશ્રી.

તારો પ્રેમ અપાર, દયા નિધિ તારો પ્રેમ અપાર—ટેક૦
વિશ્વ વિષે વ્યાપક રહી સ્વામિ, સૌની લે સંભાળ. દયા૦
પ્રાણીનું પોષાણુ થાવાને બહુ તારા ઉપકાર. દયા૦
હસ્ત, પાદ, ચક્ષુ, શ્રોત્રાદિ, અવયવ આપ્યાં સાર. દયા૦
વૃક્ષ, લતા, નગ, ધાતુ ખાણો, વિવિધ દુ:ખ હરનાર. દયા૦
સૂર્યશશિથી સુખ મળે તે, કહેતાં ના'વે પાર. દયા૦
જંગલમાં વસનારા કાજે, ફળફૂલ છે તૈયાર. દયા૦
જ્યાં જેવું જોઇએ ત્યાં તેવું, ઉપજાવ્યું દાતાર. દયા૦
આવા બહુ ઉપકાર તમારા, ભૂલે કોણ ગમાર. દયા૦
હે જગ સ્વામિ! આપ સુબુદ્ધિ, તુંમાં લાગે પ્યાર. દયા૦
સર્વે હુકમને તાબે રહીને, વિચરે નરને નાર. દયા૦
વિશ્વ પિતાજી! સર્વ જગતનાં ત્રયવિધતાપ નિવાર દયા૦

ભજન (૫) રાગ દરબારી કાનરો

ओ३म् નામ સર્વોત્તમ ઇશ્વરનું,
વેદ સકળનું સત્ય તત્વ એ, અ, ઉ, મ ત્રણ અક્ષરનું—ટેક૦
વિરાટ, અગ્નિ, વિશ્વ અકારે, હિરણ્યગર્ભને વાયુ ઉકારે;
ઇશ્વર, આદિત્ય, પ્રજ્ઞ મકારે, તત્સચ્ચિત આનંદનું. ॐ
પ્રાણ તણો આધાર ખરો ભૂ, અપાન સુખરૂપ ભૂવઃ સ્વયંભૂ;
સ્વ: વ્યાનવ્યાપક સર્વમાં, જ્ઞાન વ્યાહૃતિ પદનું. ॐ
જગના ધારક જનક દેવનું, ધ્યાન ગોગ્ય તે શુદ્ધ સ્વરૂપનું;
ધારણ કરીએ અમે લોક સહુ, યોગ ચિત્તનું હરનું. ॐ

જેથી પ્રેરે બુદ્ધિ અમારી, શ્રેષ્ઠ ધર્મ કર્મોમાં વાળી:
ધર્મ, અર્થ, શુભકામ મોક્ષદા, પદ તે છે શંકરનું. ૐ

ઈશ્વિર સ્તવન. (૬)

(રાગ ભૈરવી દાદરો. આજાનારે ઇસ વૈદિક ધરમપર)
કૃપાળુ રે કૃપા તારી જગત પર ટેક.
તારી કૃપાથી પ્રાણી માત્ર સૌ, રહે છે આનંદ ધારી.
આ જગ ભર. કૃપાળુ રે........... ૧
તુંજ કૃપા જેથી થાએ, આનંદ અર્ણવ જે ઉભરાયે
વર્ણન વાણીથી ન થાએ, સમજાવ્યું તે ના સમજાએ.
તું સર્વનો આધાર, તારી ગતી અપાર, કોઇ પામે ન પાર
કૃપાળુ રે કૃપા તારી ૨
નહિ તું રસ જે રસના ચાખે, નહિ તું રૂપ જે દૃષ્ટિ દાખે.
નહિ તું ગંધ જે ઘ્રાણ જાણે, નહિ ત્વચા સ્પર્શ પ્રમાણે
સર્વ સૃષ્ટિ કરનાર, નિરંજન. નિરાકાર, તું સર્વનો
આધાર. કૃપાળુ રે. ૩
સંખ્યામાં તું નહિ ગણાયે, દિશા કાળે નહિ સમાયે,
જળ સ્થળાદિ સર્વ જગાએ, રહ્યો છે વ્યાપી તું જગરાયે.
તું છે દાની દાતાર તારી ગતિ અપાર, કોઇ પામે ન પાર.
કૃપાળુ રે. ૪
જય જય સચ્ચિદાનંદ સ્વામી, જય જય વિભુ તું અંતર્યામી,
જય જય તુંજ શરણે શિરનામી, હરદમ રહું જગે વિરામી:
સાગર રૂપી સંસાર, તરી જવાને પાર, નમું
વારંવાર. કૃપાળુ રે. ૫

સાધુજન સુખી કરવારે—પાપી પાવન કરવારે—
દયાનંદરૂપિ આવિયા હોજી—વળી પાખંડોનો. વેદધર્મ.
સાખી—નાસ્તિક વામી દુષ્ટનું કરિયું મૂળ વિનાશ,
વિજય વાવટો વેદનો ઉડાવ્યો આકાશ.
વિધવાની વ્હારે ચઢવારે—દુષ્ટજનોને નડવારે—
સ્વામીજી મારા આવીયા હોજી—વળી પાખંડોનો. વેદધર્મ.
સાખી—સમગ્ર ભારતમાં ફરી ઉપદેસ્યા અજ્ઞાન,
અનેક ઇશ્વર હોય ના એક બ્રહ્મ ભગવાન, १४५८२
જડની જડ ઉખેડવારે—ચેતન સ્થાપન કરવારે—
દયાનંદરૂપિ આવીયા હોજી—વળી પાખંડોનો. વેદધર્મ.

ભજન (૧૪) રાગ ધનાશ્રી.

પાત્રે આપો દાન સજ્જન ગણ, પાત્રે આપો દાન,
ક્ષેત્રે વાવો ધાન કૃષિ પ્રવીણ, ક્ષેત્રે વાવો ધાન.— ટેક.
ઉખર ભૂમિમાં બી નાંખ્યાથી, થાશે ઉલટી હાણ,
કુપાત્રે ત્યમ દાનય નિષ્ફળ, કહે મનુ ભગવાન.— સજ્જન.
વૃથા આહુતિ અગ્નિ વિનાના, કાષ્ટ—યજ્ઞની માંહ્ય,
ત્યમ અનપઢ, અનૃચ બ્રાહ્મણને, વૃથા આપવું દાન— સજ્જન.
લીંખ જુઓને શિરમાં વધવા, પાવું તેલનું પાન,
તેમ હરામી, આળસુ, અજ્ઞને, દેવાં શ્રી સન્માન.— સજ્જન.
પ્લેગ તણા જંતુ પોષાએ, હણે જનોનાં પ્રાણ,
ભીખ પ્લેગના માંગણ—જન્તુ, હણે સ્વદેશના જાન.— સજ્જન.
અનુપકારીને નહિં દ્યો, ઘો જોઇ કાળ, પાત્રને સ્થાન,
તેને સાત્વિક દાન ગણ્યું છે, કૃષ્ણે ગાઇ ગાન.— સજ્જન.
જે મળના સિંચનથી ફાલે, પુષ્પ, ફળોને પાન,

તેજ મૂળને સિંચે ડાહ્યા, જેથી ફૂલે મહાન્— સજ્જન.
ગુરૂકુળ જમીને બ્રહ્મ-વેદનો, ફૂટયો અંકુર પ્રાણ,
ને પર વરસાવો અમીધારા, જોશો ફળ-કલ્યાણ— સજ્જન.

ભજન (૧૫) રાગ પ્રભાત.

જ્યાં સુધી દેશની ભક્તિ કીધી નથી,
ત્યાં સુધી દેવની ભક્તિ નાવે, ટેક.
મહત ૠષિઓ થયા દેશ ભક્તિ થકી,
પૂજ્યપદ મેળવ્યું દેશ ભાવે. જ્યાં.
વૃદ્ધિ વધા કરો ઉદ્યમો ખોળીને,
સ્થાપીએ હુન્નરો ખૂબ હામે.
ભૂખથી ભડભડે બાળકો રાંકડા,
ને થકી બાપડા સુખ પામે. જ્યાં.
દેશના ધનિક સૌ ધ્યાંન ધારી તમે,
આપણા દેશનું હિત કરશો,
તો થશે સંપતિ સૂખ સર્વે અહીં,
દુઃખ દરિયાવને તોજ તરશો. જ્યાં.
પોત પોતા તણી ફરજ સંભાળશો,
તો બધી ધારણા પાર પડશે.
ભૂખને દુઃખ દૂર થાશે નકી.
સુખની સિદ્ધિયે ભક્ત ચઢશે, જ્યાં.

ભજન (૧૬) (જંજાળી જીવડા ઝાંઝવા દેખી શું રાચે,)

સંસારી વગડે જીવડો મુસાફર જાયે,
રંજાડી તનડે—વાહને એશો સિધાવે:
અનાડી મનડું સારથી સંગાથ થાયે.

દેખી આશા ઝાંઝવા, ઈંદ્રિય ઘોડા ધાય,
લગામ-બુદ્ધિ ગઈ છૂટી, મન મૂઢ ગોથાં ખાયરે:
નિગ્રહતા—ચાબુક, પકડે આધીન થાયે, સંસારી.
ઇચ્છા તૃષ્ણા-કોતરે, કામ ક્રોધ વરૂ વાઘ,
લોભ મોહ તસ્કર મળે, રાગ દ્રેષ બહુ નાગરે;
શમ દમ ધૃતિ-ખડગે, શત્રુઓ સર્વે જીતાએ. સંસારી.
મદ મત્સરને ટેકરે, છાઇ માયા જાળ,
અજ્ઞાની અંધારેડ, ઝાલે રાક્ષસ કાળરે;
ૐ નામ શરણથી, ભય, શોક, દુઃખ, કપાવે. સંસારી.

ભજન (૧૭)

(સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ. એ રાગ)

અરે આ ધર્મસ્થાને, ઘોર કર્મો થાય આજે;
ગળાં ગાયો તણા છેદાય પાપી પેટ કાજે. ટેક.
દર વરસે આ દેશમાં ભારે હાની થાય;
લાખો મણ ગાયો તણું માંસ વિદેશે જાય.
હણાવા જીવ ઝાઝા, યંત્ર હામોહામ આવે;
અરે આ જુલ્મ ભારત પુત્ર કો દિલે ન લાવે. અરે.
ધિક ધનવાનો દેશના ધિક ધિક તમને માન;
ધિક વૈભવ માણો છતાં ધર્મ દેશને હાણ.
તમારા રૂપિયાની થેલીઓ શા કામ આવે;
કરોને વ્હાર દુષ્ટો રાંક ગૌ માને રિબાવે, અરે.
પ્રાચીન કાળે પૂર્વજો કહેવાતા ગોપાળ;
ઘર ઘર ગાયો પાળતા એજ ગણી ધન માલ,
શિવાજી ને પ્રતાપે ગાય માટે રક્ત રેડયાં;

થયા તેના તનુજો નામબોળુ વિર્યહીણા. અરે.
ગયો ન્યુન થવા થકી ઘટી બળદની જાત;
કૃષિ અધમ થઇ આપણી ભિક્ષુક ભારત માત.
મળે ના દુધ ઘી ચોખ્ખાં મરે શિશુ વધારે;
ટળે આવાં દુઃખો જો ગાવડીને કો ન મારે. અરે.

ભજન (૧૮)

વિશ્વપતિકે ધ્યાનમેં, જીસને લગાઇ હો લગન;
ક્યોં ન હો ઉસકો શાંતિ ક્યોં નહો ઉસકા મન મગન. વિશ્વ૦
કામ, ક્રોધ, લોભ, મોહ, શત્રુ હે સબ મહા બલી;
ઇનકે હનનકે બાસ્તે, જીતના હો તુજસે કર યતન. વિશ્વ૦
ऐसा બના સ્વભાવકો, ચિત્ત કી શાંતિ સે તું;
પેદા ન હો ઇર્ષાકી આંચ, દીલમેં કરે કહી જલન વિશ્વ૦
મિત્રતા સબસેં મનમેં રખ, ત્યાગ કે વૈર ભાવકો:
છોડ દે ટેઢા ચાલ કો, ઠીક કર અપના તું ચલન વિશ્વ૦
ઉસસે અધિક ન હૈ કોઇ, જીસને રચા હે યહ જગત:
ઉસકા હિ રખ તું આશ્રય, ઉસકા હી તું પકડ શરણ. વિશ્વ૦
છોડ દે રાગ દ્રેષકો, મનમેં તું ઉસકા ધ્યાન કર:
તુજપર દયાલ હોવેંગે નિશ્ચય હૈ યહ પરમાત્મન. વિશ્વ૦
જૈસા કિસીકા હો અમલ વૈસાહી પાતા હૈ વહ ફલ
દુષ્ટોંકો કષ્ટ મિલતા હે, શિષ્ટોંકા હોતા દુઃખ હરણ. વિશ્વ૦
આપ દયા સ્વરૂપ હે, આપહી કા હે આશરા;
કૃપા દ્રષ્ટિ કીજીએ, મુજ પે હો વક્ત જબ કઠિન વિશ્વ૦
મન મેં હો મેરે ચાંહના, મોક્ષકા રાસ્તા મિલે;
મારકે મન જો કેવલ, ઇંદ્રિયો કો કરે દમન, વિશ્વ૦

ભજન (૧૯)

સબ કહો મહાશય ओ३म् ओ३म् ओ३म्.

સબ નામોંસે હૈ યહ પ્યારા આદીમેં વેદોને ઉચ્ચારા.
મૂલ મન્ત્ર મહિમા હૈ અપારા ઇસે ધારણ કરો સારી કોમ,
કોમ, કોમ, કોમ. કોમ, કોમ, કોમ, કોમ, કોમ, સબ કહો મહાશય૦
અકાર ઉકાર મકાર મિલાકાર વિશ્વરૂપ વિરાટ દિખાકર અનેક,
ગુણ ખુશ હો દિલ ગાકર, આનન્દ હો જાય મિલે રોમ,
રોમ, રોમ, રોમ રોમ રોમ, રોમ, રોમ, રોમ, સબ કહો મહાશય૦
કામ ક્રોધ મદ લોભ કો હરતા, શોક મોહ દૂર યહ કરતા.
શુદ્ધ પ્રકાશ હિયે મેં ભરતા, જૈસે ગગન મેં રવિ સોમ.
સોમ સોમ, સોમ સોમ સોમ, સોમ સોમ સોમ. સબ કહો મહાશય૦
ઘીસા કહે ભટીપુર બાસી મુક્તિ દેત ઇશ્વર અબિનાશી,
આવાગમન કી જાય ફાંસી, બઢે ભક્તિ કા ઉરમેં નેમ.
નેમ નેમ, નેમ નેમ નેમ, નેમ નેમ નેમ સબ કહો મહાશય૦

ભજન (૨૦)
લાવણી.

મહા ભવસાગર આ ભારી, તણાતી જાય કાય તારી. ટેક.
તન નૌકાને કામ ક્રોધાદિક, પવને લીધું ઘેરી,
હાથ પડયા છે ભોંયે તારા, થયો બુદ્ધિનો વૈરી:
નથી બચવાની હવે બારી, તણાતી જાય કાય તારી. મહા.
સત પુરૂષની શુદ્ધ શિખામણ લાગી તુજને ખારી,
બાધો નહી તેં કદી આંચકો. પરસ્ત્રી કહેતાં પ્યારી:
નારી ધન સુખ સીમા ધારી, તણાતી જાય કાય તારી. મહા.
શ્રી હરિનુ તેં તુજ હૃદયેથી, નામજ દીધું વિસારી,

હવે તૃષા સમયે શું મારે કાંઇ શોધવા વારી;
હવે ભજ પરમેશ્વર સુખકારી, તણાતી જાય કાય તારી. મહા.

ભજન (૨૧) ગજલ.

અતિશય પાસ હોવાથી, પ્રભુજી નજર ના આવે;
વિના મળ શુદ્ધિ, યોગક્રિયા; ન સાક્ષાત્ ઇંદ્રિથી થાયે. અતિ.
નયનનાં જેમ અંજનને, નયન નહિં દેખવા પામે;
ધ્વનિ ઉર–રક્ત નાડીનાં, ન કાનો સુણુવા પામે. અતિ.
શરીર–જઠરાગ્નિની ગરમી, ત્વચા ના અનુભવી શકતી;
સુગંધિ નાક અંદરની, ન તેને નાસિકા ગ્રહતી. અતિ.
રહે જ્યમ કાષ્ટમાં અગ્નિ, તલે તેલય દુધે માખણુ;
પ્રભુ તેમજ બધે વ્યાપક, મથન યોગે દિયે દર્શન. અતિ.

ભજન (૨૨)

(શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો એ રાગ.)

તું જગકર અનંત અહીં વ્યાપી રહ્યો
વ્યાપી રહ્યો સર્વ માપી રહ્યો.................. ...તું.
અજન્મ, અજર, અમૃત્યુ તું, અદ્રય, અમર, અપાર,
અખંડ, અવ્યય, અનુપમ, એકાક્ષર ઓંકાર;
જગમાં ન કોઇ તારાં માતા કે તાત ભ્રાત,
ઇશ્વર અસંગ તું અનાદિ રહ્યો... . ...તું.
સ્થૂળ, સૂક્ષ્મ, કારણુ ત્રણે, દેહ રહિત અશરીર,
અકાય વેદ વદે યજુ, અવ્રણુ, અસ્નાવિર;
શુદ્ધ, બુદ્ધ, મુક્ત, ને સ્વયંભૂછો સ્થાયારે,
સત્ચિત્ આનંદ મુક્તિદાયી રહ્યો...................તું.

શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધને, રસ વિષયોથી રહિત,
પંચેન્દ્રિય ગોચર નહિં, યોગ જ્ઞાનથી સ્થિત;
જીવોથી શ્રેષ્ઠ ખરે, જડતાથી છો પરે,
તારી ઉપાસના હું ધારી રહ્યો........તું.

ભજન (૨૩) દોહા.

સદા ધર્મ કરતે રહો જબ લગ ઘટ મેં પ્રાણ,
ધર્મશાસ્ત્ર મેં દશ લિખે ઉસકે ખાસ નિશાન.
ધૃતિઃક્ષમા દમોસ્તેય શૌચમિન્દ્રિયનિગ્રહઃ ।
ધીર્વિદ્યા સત્યમ ક્રોધો દશકં ધર્મ લક્ષણમ્ ॥

ટેક—દશ ચિન્હ ધર્મ કે ભાઇ મહારાજ મનુ બતલાતે,
પ્રથમ તુમ ધીરજકો ધારો, દૂજે સબકે બચન સહારો;
તીજે મન અપનેકો મારો, યહી ઉપદેશ સુનાતે. મહા૦
ચૌથે તજ ચોરી કા પેશા, મિટે સકલ નર તેરે કલેશા;
રહો પાંચવેં શુદ્ધ હમેશા, સબ ઋષિ મુનિ યે ગાતે. મહા૦
છઠે ઇન્દ્રિય બશમેં કરના, સપ્તમ ચિત્ત વિચારમેં ધરના;
અષ્ટમ વિદ્યા મનમેં ભરના, જો તુમ મનુષ્ય કહાતે. મહા૦
નવેં સત્યકો ધારણ કીજે, દશવેં ક્રોધ નાશ કર દીજે.
પ્રભુ સુમિર મુરારી લીજે, કયોં વૃથા જન્મ ગંવાતે. મહા૦

ભજન (૨૪) રાગ આશાગોડી.

ફેલાવો બ્રહ્મજ્ઞાન જગતમાં, ફેલાવો બ્રહ્મજ્ઞાન;
સત્ય ધર્મને વેદ પઠનમાં, અર્પણ કરી દ્યો પ્રાણ.—જગતમાં.
ધીરજ ધારો મીઠું બોલો, છોડો હઠ અભિમાન;
નિત્ય પંચયજ્ઞોને કરતા, દ્યો દીનોને દાન.— જગતમાં.

જગત્ ગુરૂ હતો દેશ અમારો, સૌએ કર્યાં વખાણ;
વેદોની પ્રિય આજ્ઞા પાળો, મળશે ફરી તે માન.— જગતમાં.
દેશ દેશમાં ધુમ મચાવો, થાઓ સિંહ સમાન;
ચીન અરબ આદિ દેશમાં, યુરોપને જાપાન.— જગતમાં.
ગુરૂકુળમાં સંતાન ભણાવો, તજો મોહની વાણ;
સાચા માત પિતા કે'વરાવો, દ્યો ગુરૂકુળને માન.—જગતમાં.
આપખાતર રૂષિ અર્પણ કરી ગયા, તન, મન, ધનને, પ્રાણ;
રૂણ રૂષિનું શીઘ્ર ચુકાવો, આવો આર્ય સંતાન.— જગતમાં.

ભજન (૨૫) ગઝલ.

જ્યોતિમાં જ્યોતિ બળતી'તી, હું ફોગટ ઢુંઢતો'તો;
સાફ પરદામાં એ સ્પષ્ટ હતી, હું ફોગટ ઢુંઢતો'તો.
ભર્યો ભરપૂર સામે, સુધારસથી શાંત સાગર;
પીવા પાણી ત્યાં તૃષિત, મત્સ ફોગટ ઢુંઢતો'તો— જ્યોતિમાં.
ઉભો સાકર તણો એ, પહાડ પૂર્ણ મીઠાશવાળો;
મંકોડો ત્યાં ભૂખે મરતો, હું ફોગટ ઢુંઢતો'તો— જ્યોતિમાં.
મધુરી કસ્તુરીની ભભક, ભીતર મ્હેકતી'તી;
જંગલમાં બ્હાવરો મૃગલો, હું ફોગટ ઢુંઢતો'તો— જ્યોતિમાં.
કિરણ–સળિથી સુધાકાન્તિ. કીકીમાં આંજતો ભાનુ;
તિમિરમાં તેજ જોવા, ઘુડ હું ફોગટ ઢુંઢતો'તો— જ્યોતિમાં.
બધામાં વ્યાપી તું જડ ચેતને, જળ, સ્થળ, ફુલે, ફળોમાં
કિન્તુ હું મૂઢ પત્થરમાંજ, ફોગટ ઢુંઢતો'તો— જ્યોતિમાં.
ત્રુટયો અજ્ઞાનનો પડદો, જનેતા ભેટી મુખ મલકી;
હું તારી પાસ છું બેટા, તું ફોગટ ઢુંઢતો'તો—જ્યોતિમાં.

ભજન (૨૬) (હવે મને હરિ નામથી નેહ લાગ્યો—એ રાગ.)

કૃપા કર ઇશ્વર ! દૈવી ઉદારતા હું પામું,
અંતરની ક્ષુદ્રતા સામું રે.................. કૃપા.
વિશ્વ આત્મત્વ જાતિ, સાથે હું પ્રેમ બાંધું,
મમત્વ એક દેશી થાંભુ;
પૂર્વ–પશ્ચિમ વાસી, ઉત્તર–દક્ષિણ દિશી.
સૌથી સંબંધ સેતુ સાંધુ રે.............. કૃપા,
મારો આટલોજ દેશ, મારી આટલીજ કોમ,
ક્ષુદ્ર વિચાર દૂર ત્યાગું;
કાળાં ધોળાંના ભેદ, વર્ણ ને ખંડ છેદ,
બ્રહ્મત્વમાં ભૂલી ભાંગુ રે................ કૃપા.
ઇર્ષા, વિદ્રોહ, સ્વાર્થ લઘુતા ત્યાગી,
તારા વૈદિક આદેશને સ્વિકારૂં;
"મિત્રસ્યાહં ચક્ષુષા સર્વાણિ. ભૂતાનિ સમિક્ષે"ધારૂં રે...કૃપા.
"આ મારૂં આ પરનું," આવી ગણના એતો,
પામર પ્રાણી જાણું;
ઉદાર મનના માનવ માફક, કુટુંબ–વસુધા માનુંરે... કૃપા.
સર્વે સંગાથ મળીએ, સાથે સૌ ખાયે, પીયે,
ધરીએ સામર્થ્ય સાથ સારૂં;
તેજસ્વી જીવને કરીએ, જ્ઞાની વિજ્ઞાની થઇએ;
ટાળીએ દ્વેષનું અંધારૂં રે..................... કૃપા,

ભજન (૨૭) (રાગ–હોરી)

કબીરની બ્રહ્મોપાસના.

હું નિજ બ્રહ્મ રીઝાવું, બેસી ભજન ગુણ ગાઉં. હું૦

પત્તાં તોડું ન પુષ્પો તોડું, ન કોઇ જીવ સતાવું;
ફુલપાનમાં પ્રભુ વસે છે, તેને માથું નમાવું. બેસી.
ગંગા જાઉં ન યમૂના જાઉં, ન કોઇ તીર્થે ધાઉં;
અડસઠ તીર્થ વસે ઘટ અંદર, તેમાં ચોળી ન્હાઉં. બેસી.
ઔષધ ખાઉં ન બુટ્ટી ચાવું, ન કોઇ વૈદ્ય બોલાવું,
પુરણ વૈદ્ય મળ્યા અવિનાશી તેને નાડી બતાવું. બેસી.
જોગી થાઉં ન જટા વધારૂં ન અંગ ભભૂત લગાવું;
જે રંગ રંગે ખુદ વિધાતા, તેજ સુરંગ ચડાવું. બેસી
દેહરે દોડું ન પ્રતિમા પૂજું દેવ–દેવી મનાવું;
એક મેવા દ્વિતીય બ્રહ્મ કેરી, શુદ્ધ સમાધિ લગાવું. બેસી.
જ્ઞાન–ધનુષ્ય કસીને ઝાલું, ધ્યાન કમાન ચડાવું;
ષટ રિપુઓ ઘટ અંદર પેઠા, તેને મારી ભગાવું. બેસી.
સૂર્ય–ચંદ્ર બે દિવા ઝગાવું, નિજ મન–શયન સજાવું;
તેપર મારા પ્રભુને સ્થાપી, પરમાનંદ મિલાવું. બેસી.

ભજન (૨૮) (રાગ પ્રભાત)

રઝળાતી રાંડના રડવડે છોકરાં, કોણ શિક્ષા દઇ ઠોર આણે;
અંધ ગુરૂએ વળી નિરંધ ચેલા કર્યા, પરબ્રહ્મની વાત તે શુંરે જાણે:
તુંના જાણીશ જે હું હરિજન થયો, વિષ્ણુપદ ગાઇને ભક્તિ ભવમેં;
કરણી તો કાગની હોડ કરે હંસની, એતો વાતો હરિ કાદે લવમેં.
નિરગુણ નાથને ઓળખ્યા નવ શકો, સગુણ સુરતી ત્યારે કેમ જાણે;
ચૈતન્ય નિંદા કરે જડને વંદન કરે, અચેત ભૂલ્યો ભિન્ન ભાવ આણે.
એકાકાર નિરાધાર જોગે, જો નહિં મન ગળે, ભિન્ન સંસારનીભ્રાંત ભાગે:
દાસ નરસંગો કહે તેને ચરણે નમું, જ્ઞાન વિજ્ઞાનની જ્યોત જાગે.

ભજન (૨૯) લાવણી.

આવ્યા વેદોની વ્હારેરે—સ્વામીજી મારા;
દીન ઘેનૂના પોકારેરે—સ્વામીજી મારા, ટેક.
ભારત માતાના ભુંડા, અવલોકી હાલ હવાલો,
મન કંપ્યો મારો વ્હાલોરે—સ્વામીજી મારા. આવ્યા.
મત પાખંડો નિહાળી, બહુ દુઃખ હૃદયમાં ધારી;
પણ લીધું છે ખોંખારીરે—સ્વામીજી મારા.
તોડું સ્વારથની જાળો, ઉખેડું દાનવ સ્થાનો;
કર ઝાલું હું વિધવાનોરે—સ્વામીજી મારા. આવ્યા.
જડ ભક્તિની જડ કાપું, સૌ ઠામે ચેતન સ્થાપું;
સાધુ જનને સુખ આપુંરે—સ્વામીજી મારા. આવ્યા.
દિલ દાઝ ધરી દેશીની, વૈરાગ્ય ધર્યો મન વ્હાલે;
ઉત્તજ્યા દીન દયાળેરે—સ્વામીજી મારા. આવ્યા.
રે ! ભરજોબનમાં છોડયાં ઘરબાર માતા પિતા;
થઇ ભિખારી અણચિંત્યારે—સ્વામીજી મારા. આવ્યા.
ને ભેખ ધરી ભારતનો ભટક્યા જંગલમાં ભાથી;
તન બાળ્યું શીત તડકાથીરે—સ્વામીજી મારા. આવ્યા.
બહુ ભૂખ તૃષા ભોગવતાં, સત્યોનું શોધન કીધું,
શુદ્ધ તત્વજ જાણી લીધુંરે—સ્વામીજી મારા. આવ્યા.
મેદાન પડી તે વારે, ઉપદેશ્યા ભારતવાસી;
તમે એક ભજો અવિનાશીરે—સ્વામીજી મારા. આવ્યા.
નિજ ઘાત કર્યાની ધમકી, બહુ દુષ્ટોએ દેખાડી;
પણ સત્ય ન દીધું છાંડીરે સ્વામીજી મારા. આવ્યા.
ઇશ્વર બનવાની આશા, પાપી પોપોએ આપી;

તેને મન તુચ્છજ દાખીરે—સ્વામીજી મારા. આવ્યા.
નિંદા સ્તુતિ નવ લેખી. કર્તવ્યે રાખી ટેકી;
ધન્ય ધન્ય સ્વામી સુટેકીરે—સ્વામીજી મારા. આવ્યા.
સદ્દજ્ઞાન રવિના તેજે, જુઠાને ઝાંખા કીધા;
પાપીને પાવન કીધારે—સ્વામીજી મારા. આવ્યા.
શુભવિજય ધ્વજા વેદોની, ભૂમંડળમાં ફરકાવી;
જય જય સઘળે છવરાવીરે—સ્વામીજી મારા. આવ્યા.

ભજન (૩૦) (નાથ કેસે ગજકો એ રાગ.)

માનવ મુજને માનવ જેવો બનાવે,
મારી સઘળી પ્રભુતા તજાવે; ટેક.
જન્મ મરણથી મુક્ત રહું છું, તોપણ જન્મ ધરાવે;
નાનકડું બાળક સમજીને પારણીયામાં ઝુલાવે. માનવ.
તડકો શીત નડે માનવને, મુજને વસ્ત્ર ધરાવે;
વસવાને મુજ માટે મોટાં મંદિર માળ ચણાવે. માનવ.
ભૂખ તૃષા લાગે નહિં તોપણ, મોટા થાળ ધરાવે;
મારૂં નામ દઇને દુષ્ટો માલ મલીદા ઉડાવે. માનવ.
ભ્રષ્ટ થતો જાણીને મુજને, નિત્ય નિત્ય સ્નાન કરાવે;
હું છું શુદ્ધ સદાએ તોપણ, આમ અવિદ્યા જણાવે. માનવ.
ઉંઘ કદી આવે નહિં પણ તે, સુંદર સેજ બિછાવે;
કામ ક્રિડા કરવાને કાજે, પ્રેમ ધરી પરણાવે. માનવ.
નિર્ધનતા લેખી મુજને, ઘરઘર ભીખ મંગાવે;
નખોદિયાના માલ ખજાના મારા નામે ચડાવે. માનવ
નિર્વિકારી સર્વેશ્વરને, રાગી તુચ્છ ઠરાવે;
છેક ઉતારી નાંખી મુજને, પાખંડીજ પુજાવે. માનવ.

સત્યસ્વરૂપ અનાદિ મારૂં કોણુ અરે સમજાવે;
નહિતો આમ અધર્મ વધ્યાથી દુઃખનો અંત ન આવે. માનવ.

ભજન (૩૧)

ઈશ્વર પ્રાપ્તિ માટે યોગનાં આઠ અંગો.

સિદ્ધાંત સુણો રે સિદ્ધાંત સુણો, ઇશ્વરના રચીઆરે જે છે વેદમાં,
અઘરી ભાષા રે અઘરી ભાષા, તેથી નહિ સમજ્યા રે સઘળા ભેદમાં
સૃષ્ટિ રચતા પહેલાં કીધા, ચાર ઋષિઓએ તે અંતરે લીધા,
સૌ ઋષિ મુનીઓને દઇ દીધારે. સિદ્ધાંત૦
યમ નિયમ ને જે આસન છે, પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા જે,
ધ્યાન ધર્યા પછી તું સમાધિ લે રે, સિદ્ધાંત૦
આઠ અંગો જે યોગ માંહે રહ્યાં, ઇશ્વરને સમજવા મેં અહીંજ કહ્યાં,
સમજો તો ધન્ય દુઃખ માએ વહ્યાં રે. સિદ્ધાંત૦
સૌ પંથો સાતમાને વળગ્યા, પહેલા છોને મૂક્યા અળગા,
તેથી આઠમામાં કાઈ નહિજ ગયા રે. સિદ્ધાંત૦
પહેલો સિદ્ધાંત હિંસા નવ કરવી, મન વચન કર્મે અહિંસા ભરવી,
સમજો તો પછી શીદ સુમતી ધરવી રે. સિદ્ધાંત૦
બીજો સિદ્ધાંત સત્ય સૌ જાણે છે, છતાં પાખંડનો પક્ષ તાણે છે,
છતાં ફળ ના મળે તો દોષ કર્મ તણો રે. સિદ્ધાંત૦
ત્રીજો સિદ્ધાંત ચોરી નવ કરતા, હરામથી હોજરી નવ ભરતા,
મફતનું મેળવતાં તમે નથી ડરતા રે. સિદ્ધાંત૦
ચોથો સિદ્ધાંત બ્રહ્મચર્યજ ભારે, પશુ પક્ષી બધાં વેદધર્મને પાળે,
પણ મનુષ્યો નહિ કાંઇ સંભાળે રે. સિદ્ધાંત૦
પાંચમો સિદ્ધાંત હઠને છોડી દો, પક્ષપાત તજી સત્ય વાત વદો,
મનુષ્ય દેહ મળ્યાનું સાર્થક લો રે. સિદ્ધાંત૦

આ પાંચ સિદ્ધાંતજ યમ તણા, બીજા પાંચ સુણો નિયમતણા,
બધા પાળો તો કાંઈ નવ રહે મણા રે. સિદ્ધાંત૦
પહેલો નિયમ તે શૌચ જ છે, શરીર મન બુદ્ધિથી પવિત્રજ રહે,
જ્ઞાન મેળવી બધી વાતો સત્યજ કહે રે. સિદ્ધાંત૦
બીજો નિયમ સંતોષ ગણો, છોડી નસીબ કરો પુરૂષાર્થ ઘણો,
છતાં ફળ ના મળે તો દોષ કર્મ તણો રે. સિદ્ધાંત૦
ત્રીજો નિયમ તપને હું જાણું, સેવા કરતાં કષ્ટ નવ મન આણું,
કરવા ઉદ્ધાર તળીલાં સૌ તાણું રે. સિદ્ધાંત૦
ચોથો નિયમ સ્વાધ્યાય છે વેદે, સંસ્કૃત ભણી સમજવા સૌ ભેદે,
દેશ દુર્બળતા સૌ શાસ્ત્ર છેદે રે. સિદ્ધાંત૦
નિયમ પાંચમો ઇશ્વરપર શ્રદ્ધા, જે ખોઇ બેઠા છે સૌ ગદ્ધા,
ઇશ્વર અર્પણ કર કાર્ય બધાં રે. સિદ્ધાંત૦
ઉપરના નિયમો જો પાળો, દેશમાં નવ રોગ દુકાળ ભાળો,
અવળે જતો દેશ સીધો વાળો રે. સિદ્ધાંત૦
પછી તો ક્રિયા રહી કરવાની, આસનથી સમાધી ધરવાની,
પ્રાણાયમથી મનમાં શાંતિ ભરવાની રે. સિદ્ધાંત૦
પ્રત્યાહાર તે મનને વશ કરવું, ધારણથી ચિત્ત ઇશ્વરમાં ધરવું,
પછી ધ્યાનમાં મન આનંદથી ભરવું રે. સિદ્ધાંત૦
કલ્પનાઓ શાંત જ્યારે થાય બધી, છેલ્લી ભૂમિકાનું નામ તે સમાધી,
ગટે આધિ, વ્યાધિ, ને ઉપાધિ રે. સિદ્ધાંત૦
સત્ય વાત સુણીને સહુ ભડકે, તેથી પાખંડીઓ ના વેદને અડકે,
જુઠું વેદના નામે પાખંડ ખડકે રે. સિદ્ધાંત૦
માટે સર્વે સમજીને ચાલો, સાચો મારગ સમજી વેદને ઝાલો,
પાખંડીઓને નહિ માન આલો રે. સિદ્ધાંત૦

વૈદિક.

ભજન-સંગ્રહ.

(હિન્દી વિભાગ.)

ભજન (૧) ધ્રૂપદ.

તેરો નામ ઓંકાર, કોઉ ન પા સકે પાર;
મહા મુનિશ ગયે હાર, ગાય ગાય ધાય ધાય. તેરો.
સત્ ચિત્ આનંદ સ્વરૂપ, બિના રંગ રહિત રૂપ;
તું અનુપ જગત ભૂપ, નિરાકાર નિર્વિકાર. તેરો.
અજર અમર નિત્ય અભય, ખંમ બ્રહ્મ અખંડ અક્ષય:
શુદ્ધ બુદ્ધ મંગલમય, તું અપાર તું અપાર. તેરો.
તું અભેદ તું અછેદ, સર્વ શાસ્ત્ર કહત વેદ;
નવલસિંહ કહે પુકાર, કોઉ ન કહ સકે વિસ્તાર. તેરો.

ભજન (૨) હે અપરંપાર પ્રભુ—એ રાગ.)

પ્રભુ જગ કરતાર, મેરા નમસ્તે લીજે,
પ્રભુ તુમકું કરૂં નમામિ, તુમ સબકે અંતર્યામી;
શુભાશુભ દેખનહાર.................................મેરા.
પ્રભુ આદિ અંત નહિ તેરા, સબ તુજમેં કરે બસેરા,
અમિત તેરા બિસ્તાર.................................મેરા.
સૃષ્ટિકા તુહી કારણ હૈ, સબ જગતકા તુહી મારણ હૈ;
તુહી કરતા નિસ્તાર.................................મેરા.
કર્માનુસાર ફલ સબકો, તું દેવે ચર વા અચરકો;
લીખે સબ કાઇ કરતાર.................................મેરા.
નહિં દેહ કભી તું ધરતા, નહિં જન્મતા ઓર નહિં મરતા;
નહિં લેતા અવતાર.................................મેરા.
નહિં શત્રુ કોઈ પ્યારા, હસ્તી કયા કીટ બિચારા;
સબકા તું પ્રાણાધાર.................................મેરા.
નહિં હલકા નહિં તું ભારી, નહિ બાલ વૃદ્ધ નર નારી;
પિત સિત નહિં રતનાર.................................મેરા.
રસ ગંધ રૂપ નહિં તેરા, નહિ ખટ્ટા મીઠા કસેરા;
નહિં કડવા નહિં ખાર.................................મેરા.
દયા દાન દે દીજે, ભવસિંધુ કિનારે કીજે;
જગત બિનવે હરવાર.................................મેરા.

ભજન (૩)

મેરી નૈયા પાર લગાઓ જગતપિતા,
બિપતાસે મુઝે બચાઓ જગતપિતા. મેરી.

આન પડી મઝ ધારમેં નૈયા તુમ બિન પ્રભુ નહિ કોઇ ખવૈયા;
તુમહી હો એક ધીર ધરૈયા, દુક કરૂણા હસ્ત બઢાઓ. જગ૦
મૈં મૂરખ મતિમંદ અનારી, આનપડા પ્રભુ શર્ણ તુમ્હારી;
વિદ્યા ભક્તિકા મૈ હું ભિખારી, વિદ્યાદાન દીલાઓ. જગ૦
વિદ્યા હીન હુવા યહ બાલક, દીનાનાથ તુમ દીનોકે પાલક;
પોષક રક્ષક ઓર કૃપાલક હમે વિદ્યાગુણુ બતલાઓ જગ૦
કઠીન બાટ ઓર દેસ બિગાના, મુશકિલ મંજિલ દૂર ઠીકાના
થકીત હુઆ અબ જાય ચલા ના, મુક્તિકા દેશ દિખાઓ. જગ૦

ભજન (૪) તાલ દાદરો.

જય મહેશ, જય મહેશ, જય મહેશ દાતા.
પિતા જાકા કોઇ નહિં, નહિં કોઇ માતા;
જનક દેવ તુંહી જનની, તુંહી હૈ વિધાતા. જય મહેશ૦
જગત જીવ સાજે તુંહી, તુંહી એક પાતા;
દાન માન દેવે તુહી, કલેશ કષ્ટ ધાતા. જય મહેશ૦
યહ જગત કીયા તેરા, વર્ષ માસ સાતા.
રૈન દિવસ કાજ તેરે. સાયં પ્રભાતા જય મહેશ૦
સકલ જીવ તેરાહી, ઉંચ નિચ જાતા,
હાથ બાંધ તેરે દ્વારે, પુનીત ગાતા. જય મહેશ૦

ભજન (૫) તાલ દાદરો

વિશ્વપતિકે ધ્યાનમેં, જીસને લગાઇ હો લગન;
ક્યોં નહો ઉસકો શાંતિ, ક્યોં નહો ઉસકા મન મગન. વિશ્વ૦
કામ, ક્રોધ, લોભ, મોહ, શત્રુ હૈ સબ મહા બલી:
ઉનકે હનનકે વાસ્તે, જીતના હો તુજસે કર યતન. વિશ્વ૦

ઐસા બના સ્વભાવકો, ચિત્તકી શાંતિસેતું;
પૈદા ન હો ઇર્ષાકી આંચ, દિલમેં કરે કહીં જલન. વિશ્વ૦
મિત્રતા સબસે મનમેં રખ, ત્યાગ કે વૈરભાવકો;
છોડદે ટેઢી ચાલકો ઠીક કર અપના તું ચલન. વિશ્વ૦
ઉસસે અધિક ન હૈ કોઇ, જીસને રચા હૈ યહ જગત;
ઉસકા હિ રખ તું આશ્રય, ઉસકાહિ તું પકડ શરણ. વિશ્વ૦
છોડદે રાગ દ્વેષકો, મનમેં તું ઉસકા ધ્યાન કર;
તુજપર દયાલ હોવેંગે, નિશ્ચય હૈ યહ પરમાત્મન. વિશ્વ૦
જૈસા કિસકા હો અમલ, વૈસાહિ પાતાહૈ વહ ફલ;
દુષ્ટોંકો કષ્ટ મિલતા હૈ, શિષ્ટોંકા હોતા દુઃખ હરન. વિશ્વ૦
આપ દયા સ્વરૂપ હૈ, આપહિકા હૈ આશરા;
કૃપા દૃષ્ટિ કિજીએ, મૂજ પૈ હો વક્ત જબ કઠિન. વિશ્વ૦
મનમેં હો મેરે ચાંદના, મોક્ષકા રાસ્તા મિલે;
મારકે મન જો કેવલા, ઇંદ્રિયોંકો કરે દમન. વિશ્વ૦

ભજન (૬) રાગ પીલુ-દીપચંદી.

નમઃ સૃષ્ટિકર્ત્તા નમો હો વિધાતા, નમઃ સચ્ચિદાનંદ આનંદ દાતા—નમઃ
નમો દિનકે દુઃખ હરલેને વાલે, નમો વિશ્વભર્તા નમો હો સંહર્તા—નમઃ
કરો શુદ્ધ અંતઃકરણ મેરા સ્વામી,યેહી માંગતા નિત્ય સાયંમ પ્રાતા—નમઃ
કરો તીન તાપોસે રક્ષા હમારી,રહું સર્વદા તેરી મહિમા કો ગાતા—નમઃ
તુમારી દયાકા ભરોસા હૈ મુજકો,ન કોઇ સહાયક હૈ સુત બંધુદારા—નમઃ
ભંવર બીચ નૈયા ફસી નાથ મેરી, પડા કાલકે ચક્રમેં ચક્ર ખાતા—નમઃ
લગા દીજે અબતો કિનારેપે નૈયા,જો અધમોંકા ઉદ્ધાર કરતા કરાતા—નમઃ
તેરે દરપે બલદેવ અબતો પડાહૈ, ન કયોં દાસ અપના ઇસે તું બનાતા—નમઃ

ભજન (૭) રાગ આશાવરી.

તું કુછ કર ઉપકાર જગતમેં, તું કુછ કર ઉપકાર.
માનુષ જન્મ અમોલક તુજકો, મિલે ન બારંબાર જગતમેં.
કર્મ ઉપાસના જ્ઞાન કાંડકો, કર્મ ઉપકર્મ વિચાર. જગતમેં.
સુખ દુઃખ પ્રાપ્ત હોવે સબકો, પૂર્વ કર્મ અનુસાર. જગતમેં.
સુકૃત અપના કર ધન સંચય, યે વસ્તુ હૈ સાર. જગતમેં.
દેશોન્નતિ કર પિતૃ સેવા, ગુણિયલકા સત્કાર. જગતમેં.
શીલ સંતોષ પરસ્વાર્થરતી, દયા ક્ષમા ઉર ધાર. જગતમેં.
ભુખે કો ભોજન પ્યાસે કો પાની, દીજે યથા અધિકાર જગતમેં.
કઠિન સમયમેં હોવેંગે સાથી, તેરેહિ શ્રેષ્ટ આચાર. જગતમેં.
તાતે ઈનકા કર તું સંગ્રહ, સુખ હો સર્વ પ્રકાર. જગતમેં.
હોતે અજ્ઞાની કહે બ્રહ્માસ્મિ, તિસકો હૈ ધિક્કાર. જગતમેં.
હૈ કર્તવ્ય આવશ્યક અમીચંદ, જો કહે ખટ આચાર. જગતમેં.

ભજન (૮) તાલ દીપચંદી.

શરણ અપનીમેં રખ લીજે, દયામય દાસ હું તેરા,
તુમ્હેં તજકર કહાં જાઉં, હિતુકો ઔર હૈ મેરા. શરણ.
ભટકતા હું મેં મુદ્દતસે, નહિં વિશ્રામ પાતા હું,
દયાકી દ્રષ્ટિ સે દેખો, નહિ અબ ડૂબતા બેડા. શરણ.
તપાયા તીન તાપોંકા, ગીરા તેરી શરણ આકાર.
જન્મતે મરતે દુઃખ પાતે, હુઆ દમ નાકમેં મેરા. શરણ.
ભક્ત ભય મેટને વાલા, સિવા તેરે ન હૈ કોઈ.
તુહિ હૈ દીન હિતકારી ભરોંસા નાથ હે તેરા. શરણ.
હુઆ અબ તંગ દુનિયા સે, તુમ્હી પર આશા હૈ મેરી:
દયા બલદેવ પર કરકે, બનાલે નાથ નિજ ચેલા. શરણ.

ભજન (૯) રાગ લાવણી.

શરણુ પ્રભુકી આવોરે, યહી સમય હૈ પ્યારે. ટેક.
આવો હરિ ગુણુ ગાવોરે, યહી સમય હૈ પ્યારે;
ભ્રાતૃ ભાવસે મિલો પરસ્પર, મત ન ક્રોધ બઢાવોરે. યહી.
ઈર્ષા, દ્વેષ, કપટકો ત્યાગો, સબકા ભલાતુમ ચાહોરે. યહી.
મક્ર, ફરેબ, જુઠકો ત્યાગો, સતસેં ચિત્ત લગાઓરે. યહી.
ઉદય હુવા ઓમ્ નામકા ભાનુ, આવો દર્શન પાવોરે. યહી.
પાન કરો ઇસ અમૃત રસકો, ઉત્તમ પદવી પાવોરે. યહી.
હરિકી ભક્તિ બિના નહિં મુક્તિ, દ્રઢ વિશ્વાસ જમાવોરે યહી.
માનુષ જન્મ અમુલક પાકર, વૃથા ન ઉસકો ગમાવોરે. યહી.
કરલો નામ હરિકા સુમિરન, અંતકો ન પછતાવોરે. યહી.
ધન્ય દયામય જો સબકો પાલે, મત ઉસકો બિસરાવોરે. યહી.
છોટે બડે સબ મિલકર ખુશીસેં, ઇશ્વર કે ગુણ ગાવોરે. યહી.

ભજન (૧૦) રાગ ધનાશ્રી.

મેરી બિનતી સુનો કર ધ્યાન. ટેક.
ચહું આશ્રમમેં ગૃહસ્થ ધર્મ હૈ, સબસે શ્રેષ્ઠ મહાન. મેરી.
પુરૂષ તો હૈ ઘરકી શોભા, પુરૂષકી સ્ત્રી શોભા જાન;
સ્ત્રીકી પતિવ્રત હૈ શોભા, રક્ષા કરે ભગવાન. મેરી.
દોનોંકી શોભા પરસ્પર પ્રીતી, પાની દુધ સમાન.
જીસ ઘરમેં દોનોં વહ ખુશ હૈ, વહ ઘર સ્વર્ગ સમાન. મેરી.
મુખકી શોભા મીઠે બચન હૈ, હાથકી શોભા દાન;
દાનકી શોભા પાત્ર હો અચ્છા, કહ ગયે પુરૂષ મહાન. મેરી.
પરોપકાર હૈ જીસ્મકી શોભા, ધર્મ ઉપકાર જી જાન;
ધર્મકી શોભા હૈ જીસમેં, અહિંસા ધર્મ પ્રધાન. મેરી.

ચહુ વેદોંકી ઓમ્ શોભા, જીવનકી શોભા ધ્યાન;
ધ્યાનકી શોભા ઓમ્ સ્મરણુ હૈ, મુક્તિકા રસપાન. મેરી.
હૈ બ્રજલાલ નગરકી શોભા, જીસમેં હોવે સમાજ;
સમાજકી શોભા કર્મકાંડ હૈ, સભાસદ હો ગુણુવાન. મેરી.

ભજન (૧૧) રાગ લાવણી.

હૈ અપરંપાર પ્રભૂ તુમ્હારી મહિમા.
અદ્‌ભૂત હૈ તુમ્હારી માયા, નહિં પાર કિસીને પાયા;
રૂષિ મુની ગયે સબ હાર. પ્રભૂ.
ભૂમંડલ ઓર યહ તારે, ચર અચર જીવ જડ સારે;
તુમ્હી કો રહે પુકાર. પ્રભૂ.
તુમ્હી હિરણ્ય ગર્ભ કહલાયે. સારે બ્રહ્માંડ રચાયે;
કોન કર શકે સુમાર પ્રભૂ.
હો જગતકે આદિ કારણુ, તુમ્હી કિયે હુવે હો ધારણુ:
તુમ્હી કરતે સંહાર. પ્રભૂ.
સબ બલોમેં તુમહી બલહો, સબ ચલ હૈ તુમ્હી અચલહો;
તુમ્હી સુખકે ભંડાર. પ્રભૂ.
યું બાસુદેવ ગાતા હૈ, જો શરણુ તેરી આતા હૈ;
મિલે મુક્તિકા દ્વાર. પ્રભૂ.

ભજન (૧૨) ગઝલ.

પ્રભૂકો છોડકર તુને, લગન કિસસે લગાઈ હૈ;
હુવા નાદાન કયોં એસા, સમઝ કયા બેચ ખાઇ હૈ. પ્રભૂકો.
જો હૈ સબ સૃષ્ટિકા પાલક, ભૂલાયા ઉસકો.તેં મૂરખ;
બૂતોં કો પૂજકર પ્યારે, નફા કયા તુને પાઇ હૈ. પ્રભૂકો.

જો હૈ હર બસ્તુમેં વ્યાપક, ઇશ્વ નિરાકાર અવિનાશી.
બનાકર ઉસકી જડ મૂરત, મંદિરમેં જા બિઠાઇ હૈ. પ્રભૂકો.
વહ હૈ મોજુદ સબ ઘટમેં, હમેશાં દેખતા સબકો;
બદી નેકીકા ફલ દેતા, વહ ઇશ્વર સબકા ન્યાયી હૈ. પ્રભૂકો.
નહિં વહ જન્મ મૃત્યુ કે, કભી બંધનમેં આતા હૈ;
બતાકર જન્મ કયોં ઉસકો, વૃથા તહોમત લગાઇ હૈ. પ્રભૂકો.
છૂટા નહિ મેલ હૈ મનકા, નહાયા લાખ તિર્વેની,
લિખાયા નામ સંતોમેં, ભરી દિલમેં ખુટાઈ હૈ. પ્રભૂકો.
રામ ઓર કૃષ્ણ સત્ પુરૂષોંકી, કયોં નિંદા કરે મૂરખ;
બનાકર સ્વાંગ કયોં તેને, હંસી ઉસકી કરાઇ હૈ. પ્રભૂકો.
હજારે દીન ઓર દુખિયા, ન પાતે એક ટુકડા તક;
તૈં દે દે દાન દુષ્ટોંકો, વૃથા દોલત લુંટાઇ હૈ પ્રભૂકો.
જરા અબ હોશમેં આજા, ઉઠા ગફલતકે પરદેકો;
ભજન બલદેવ કર ઉસકા, જો સબકા ખુશનુમાઇ હૈ. પ્રભૂકો.

ભજન (૨૩) (હૈ અપરમ્પાર–એ રાગ.)

કીન્હા ઉપકાર દયાનંદ સ્વામીને, ટેક.
વેદોંકાં ભાષ્ય બનાયા, સીધા મારગ બતલાયા;
જહાં મત ખંડે હજાર, દયાનંદ.
કંઇ વિદ્યાલય બનવાયે, કંઇ દીનાલય ખુલવાયે:
કિયા વિદ્યાકા પ્રચાર. દયાનંદ.
જાતિ અભિમાન મિટાયા, વર્ણાશ્રમ ધ્યાન દિલાયા;
ઉઠ સોતે નરનાર. દયાનંદ.
ઋષિયોં કે યજ્ઞ બતાયે, હમકો કરને સિખલાયે;
શુદ્ધ હો વાયુ બાર. દયાનંદ.

રિપુભી ઉપમા કરતે હે, અબ અર્થ લોટ ધરતે હે;
ખૂબ કર રહે વિચાર. દયાનંદ.
ગોપી ઇંદ્રિય બતલાવે, ચીરોંકા હરન છિપાવે;
કૃષ્ણ તો ચોર ન જાર. દયાનંદ
હો ધન્યવાદ રૃષિ તુમકો જો પ્રાણદાન દે હમકો;
મોક્ષકે પહુંચે દ્વાર. દયાનંદ.

ભજન (૧૪) લાવણી.

હે દયામય હમ સબોં કો, શુદ્ધતાઇ દીજીયે;
દુર કરકે હર બુરાઇકો, ભલાઇ કીજીયે; હે૦
એસી કૃપા ઓર અનુગ્રહ, હમ પર હો પરમાત્મા;
હો સભાસદ ઇસ સભાકે. સબકે સબ ધર્માત્મા. હે૦
હો ઉજાલા સબકે મનમેં, જ્ઞાન કે પ્રકાશસેં;
ઓર અંધેરા દૂર સારા, હો અવિદ્યા નાશસેં. હે૦
ખોટે કર્મોસે બચે, સબ તેરે ગુણ ગાવે સભી;
છુટ જાવે દુઃખ સારે. સુખ સદા પાવે સભી; હે૦
સારી વિદ્યાઓં કો શિખે, જ્ઞાનસે ભરપૂર હો;
શુભ કર્મ મેં હોવે તત્પર, દુષ્ટ કર્મ સબ દૂર હો. હે૦
યજ્ઞ હવનસે હો સુગંધીત, અપના ભારત વર્ષ દેશ;
વાયુજલ સુખદાઇ હોવે, જાય મીટ સારે કલેશ. હે૦
વેદ કે પ્રચારમેં, હોવે સભી પુરૂષાર્થી;
હોવે આપસમેં પ્રીતિ, ઓર બને પરમાર્થી. હે૦
લોભી ઓર કામી ક્રોધી, કોઇ ભી હમમેં ન હો;
સબ વ્યસનોસે બચે; ઓર છોડ દેવે મોહકો હે૦

અચ્છિ સંગતમેં રહે, ઔર વેદ મારગપર ચલે;
તેરે હી હોવે ઉપાસક, ઔર કુકર્મો સે બચે. હે૦
કીજીયે કેવલકા હૃદય, શુદ્ધ અપને જ્ઞાનસે;
માન ભક્તોં મેં બઢાઓ, ઉસકા ભક્તિ દાનસેં. હે૦

ભજન (૧૫)

રાગ ઉપર મુજબ.

આજ મિલ સબ ગીત ગાવો, ઉસ પ્રભૂકે ધન્યવાદ;
જિસકા યશ નિત્ય ગાતે હ, ગંધર્વ ગુણીજન ધન્યવાદ. આજ.
મંદિરોમેં, કંદિરોંમેં પર્વતોં કે શિખર પર;
દેતે હૈ લગાતાર સો સો, વાર મુનિવર ધન્યવાદ. આજ.
કરતે હૈ જંગલમે મંગલ, પક્ષિગણ હર સાખ પર;
પાતે હૈ આનંદ મિલ, ગાતે હૈ સ્વરભર ધન્યવાદ. આજ
કુવે મેં તાલાવમેં, સિન્ધુકી ગહરી ધારમેં;
પ્રેમ રસમેં તૃપ્ત હો, કરતે હૈ જલચર ધન્યવાદ. આજ.
સાદિયોમેં જલસયોંમેં, યજ્ઞ ઔર ઉત્સવકે આદિ;
મીઠી સ્વરસેં ચાહીયે કરે, નારીનર સબ ધન્યવાદ. આજ.
ગાન કર અમીચંદ, ભજનાનંદ કર ઈશ્વર સ્તૂતિ;
ધ્યાન ધર સુનતે હૈ, શ્રોતે કાન ધર વર ધન્યવાદ. આજ.

ભજન (૧૬) ગજલ કવ્વાલી.

હમારી એક બિનય તુમસે, દયામય દીન હિતકારી;
મિટાઓ મેરે હૃદયકી, અવિદ્યા રૂપ અંધિયારી. હમારી.
પ્રકાશિત જ્ઞાન અપનેકા, હૃદય મેં કીજીયે સૂરજ;
મિલે કલ્યાણકા રસ્તા, બને હમ સુખકે અધિકારી. - હમારી.
ગયા હૈ છૂટ વહ મારગ, હમારે પૂર્વ પુરૂષોંકા;

બિના ઉસકે હમારી, હો ગઇ અબ દુર્દશા ભારી. હમારી.
હમારા ધર્મ વૈદિક થા, ઉપાસક આપકે હમથે;
હુવે અબ પંથ નાના હી, ઔર નાના ઇષ્ટ ઔતરી. હમારી.
લગે આપસમેં સબ લડને, હુવે સબતીન કે તેરહ;
ગઇ ભારતકી સરદારી, હુવે અબભૂપ બનચારી. હમારી.
અહિંસા, ત્યાગ ચોરી થા, ધર્મવ્રત પૂર્વ પુરૂષોંકા;
વહાં હિંસક ઓર બટમારી, શરાબી ચોર ઔર જવારી હમારી.
જહાં રૂષિ મુની થે બ્રહ્મચારી, પુરૂષ નારી સદાચારી;
વહાં અબપ્રાયઃ નરનારી, હુવે કુલટા ઓર વ્યભિચારી. હમારી.
યહાં કે દીન ઓર દુખિયા, નહીં ઇમ દાદ પાતે હૈં;
મુચંડે ભાંડ ઓર વેસ્યા, ઉડાવે માલ બદકારી. હમારી.
મચા અંધેર અબ ઐસા, હવા બદલી જમાનેકી;
તુમ્હીપર આશ હૈ ભારી, તુમ્હી પિતુ બન્ધુ મહતારી. હમારી.
તુમ્હી હો ધર્મકે પાલક, અધર્મી દુષ્ટ કુલ ઘાતક;
સમઝ બલદેવ નિજ બાલક, બચાવો વેગ બલધારી. હમારી.

ભજન (૧૭) રાગ દાદારો.

ધન્ય તું કરતાર મેરા, ધન્ય તું જગદીશ્વરા;
ધન્ય હૈ કૃપા તેરી, ધન્ય તું પરમેશ્વરા. ધન્ય.
ધન્ય સૃષ્ટિ કર્ત્તા હૈ તું, કોન મહિમા ગા સકે,
વ્યાપક હૈ તું જગત માંહી, ગુણ ન તેરે ગા સકે. ધન્ય.
ધન્ય હૈ પ્રભુ નામ તેરા; ધન્ય તવ કરૂણાહરિ;
ધન્ય પિતૃવત સ્નેહ તેરા, જો ન ત્યાગો તુમ કભી. ધન્ય
ધન્ય હો તુમ નિત્ય સત્, અરૂ ધન્ય હૈ કૃપા તેરી;
જિસકે બલસે સૃષ્ટિ સારી, જગતમેં વિચરે ફિરી. ધન્ય.

ધન્ય અમૃત રૂપ પ્રભુજી, પરમ શિવ સુંદર હો તુમ:
નિરખી ભક્ત આવાક હોવે, મહિમા અપરંપાર તુમ. ધન્ય.
ધન્ય તવ શાંતિ હે ઇશ્વર, ધન્ય તવ ગંભીરતા;
અપરાધ સો સો દેખકર, જો દયા દૃષ્ટિ ન ફેરતા. ધન્ય.
એકો તુમ ત્રિભુવનકે સ્વામી. રાજરાજેશ્વર તુમ્હી;
મુક્તિદાતા પ્રાણદાતા, તેરે બીન દુજા નહિં. ધન્ય.
જગતપિતા ઔર જગત માતા, તુહી પાલનહાર હૈ,
સ્વામી તું સંસારકા, તેરા હી સબ પરિવાર હૈ. ધન્ય.
હે અનાદિ જગપતિ મમ, દાન શાંતિ દીજીયે;
પ્રકાશ તું સબ જગત માંહી. કૃપા અપની કીજીયે. ધન્ય.

ભજન (૧૮) ગઝલ.

અજબ હેરાન હું ભગવન, તુમ્હે કૈસે રિઝાવું મેં;
નહિં કોઇ વસ્તુ હૈ એસી, જિસે સેવામેં લાવું મેં. અજબ.
કરૂં કિસ તોર આવાહન, કિ તુમ મોજુદ હો હરજા;
નિરાદર હૈ બુલાનેકો, અગર ઘંટી બજાવું મેં. અજબ.
લગાના ભોગ કુછ તુમકો, યહ એક અપમાન કરના હૈ;
ખિલાતા હૈ જો કુલ સંસારકો, ઉસકો ક્યા ખિલાઉંમેં. અજબ.
તુમ્હી હો મૂર્તિ મેં ભી, તુમ્હી ફુલોંકે અંદર હો;
ભલા ભગવાન પર, ભગવાન કો કૈસે ચઢાવું મેં. અજબ.
હૈ જિસકી જ્યોતિસેં રોશન, એ સૂરજ ચાંદ ઓર તારે,
મહા અંધેર હૈ ઉસકો, અગર દિપક દિખાઉં મેં. અજબ.
ભુજાયે હૈ ન ગરદનહૈ, ન સીના હૈ ન પેશાની,
તુમ્હી નિર્લેપ નારાયણ, કહાં ચંદન લગાઉં મેં. અજબ.

ભજન (૧૯) કવાલી.

સત્તા તુમ્હારી ભગવન, જગમેં સમા રહી હૈ;
તેરી દયા સુગંધી, હર ગુલસેં આ રહી હે   સત્તા
રવી ચંદ્ર ઔર તારે, તુંને બનાયે સારે;
જ્ઞાન સબમેં જ્યોતિ તેરી, જગમેં સમા રહી હૈ.   સત્તા
વિસ્તૃત વસુંધરા પર, સાગર બનાયે તુને;
તેહુ જિનકી મોતિયોં સે, અબ ચમચમા રહીહૈ.   સત્તા
હમ સબ તેરી શરણુ હૈ, તુઝસે યહી વિનય હૈ;
હો દૂર યહ અવિદ્યા, હમકો ભૂલા રહી હૈ.   સત્તા

ભજન (૨૦) રાગ માઢ.

ક્યા કોઇ ગાવે, ક્યા સુનાવે,
પ્રભૂજી મહિમા તેરી લિખી કિસીસે ન જાય.   ક્યા.
રૂષી રૂપીશ્વર મુની મુનીશ્વર,તપી તપીશ્વર હજાર:
લિખ લિખકે હારે,વહ સારે બિચારે,ન પાયા વલે તેરાપાર. ક્યા.
તેરી વેદ હૈ વાણી,કહે રૂષી જ્ઞાની, હૈ પ્રાણીકા જીસસે ઉદ્ધાર:
જો પઢે પઢાવે, અમલ કરાવે, હો ભવસાગરસે પાર.   ક્યા.
તુહી સૃષ્ટિકા કર્તા, સકલ દુઃખ કા હર્તા,તું સંતનકા પ્રતિપાલ:
મુઝે કામ ક્રોધસે, ખુદી લોભ મોહસે, બચાવો હરિ તતકાલ. ક્યા.
તુહી હૈ ભંડારી, મેં તેરા ભિખારી, માંગું યહી વરદાન:
મેં તુઝ કોહી ધ્યાઉ તેરી મહીમા ગાઊં,કહે દાસ ખન્ના નાદાન. ક્યા.

ભજન (૨૧) કવાલી.

ઇશ્વર ફક્ત તુમ્હી હો, દુઃખકે મિટાને વાલે;
આવાગમન છુડાકર, મુક્તિ દિલાને વાલે,   ઇશ્વર.
સૂરજ જીમી સિતારે, સબ આશરે તુમ્હારે;

ॐ

સારે નિજામશમશી, તુમહો ચલાને વાલે. ઇશ્વર.
હરજા તુમ્હી હો હાજીર, હર બખ્ત પર હો કાદીર;
છોટે સે જરે મેંભી, તુમહો સમાને વાલે, ઇશ્વર.
દરિયા પહાડ જંગલ, હરવા તુમ્હારો જલવા;
મૂરખ હુવે તુમ્હારી, મૂરત બનાને વાલે. ઇશ્વર.
મસ્જીદ મેંન હરમમેં, બુતખાનેમેં ન કાબા;
તુમકો કહાં હૈ પાતે, કાશીકે જાને વાલે. ઇશ્વર.
માલા તો હાથમેં હૈ, દિલદાઓ ઘાતમેં હૈ;
ક્યા ખાક તુમકો પાવે, વહ ખાક ઉડાને વાલે. ઇશ્વર,
ઝુઠે સુખો મેં ફંસકર, ભૂલે તુમ્હારી મહિમા;
તુમસે અલગ પડેહૈ, તુમહો ઉઠાને વાલે. ઇશ્વર.
માતા બહિન વ ભ્રાતા, જૂઠા હૈ સારા નાતા;
સબ દુઃખ હૈં દેને વાલે, ભ્રમ મેં ફંસાને વાલે. ઇશ્વર.
દર છોડ કર તુમ્હારા, કિસ દર પૈ જાકે માંગું;
હૈ શાહો રાજા તુમસે, રૂતબોંકે પાને વાલે. ઇશ્વર.
સબસે અલગ હો મૂજતર, હાજીર તુમ્હારે દરપર;
કૃપાકી દૃષ્ટિ કિજે, તુમ હો બચાને વાલે. ઇશ્વર.

ભજન (૨૨) રાગ આશાવરી.

ફેલાદો ઘર ઘર દ્વાર, ધરમ પથ ફેલાદો ઘર ઘર દ્વાર.
નગર નગર ઔર ગ્રામગ્રામમેં, વેદોંકા કરો પ્રચાર. ધરમ.
દ્વેપ નિકાલો પ્રીતિ બઢાલો, મન અપનેકા માર;
ઈંટ ડલે પત્થર બરસાવેં, કુછ ભી ન કરો વિચાર. ધરમ.
ધર્મ કે કારણ સ્વામી દયાનંદ, અર્પણ કર ગયે પ્રાણ;
લેખરામજીને પેટ ફડાયા, દેશકા કિયા હૈ સુધાર. ધરમ.

મિલ કર કરો પાપકા નાશા, હોવે વૈદિક ધર્મ પ્રકાશા,
પાલો સત્યકો તજ કર કુરીતિ, સેવક યહી હૈ વેદોંકી રીતિ.

ભજન (૨૪) લાવણી.

ઇશ્વરકી આજ્ઞા પાલો, કરો અગ્નિહોત્ર સબભાઇ,
દ્રવ્ય સુગંધિત પુષ્ટિકારક, ઔષધ લિજે રોગ નિવારક,
મંત્ર પઢો વિજ્ઞાન વિદારક, મિત્રો આહુતિ ડાલો;
વાયુકી કરો સફાઇ. કરો.
સબસે ભારી યજ્ઞ દાન હૈ, જિસકા વેદોં મેં વિધાન હૈ,
ફલ ઉસકા મિત્રો મહાનહૈ, કભી ન ઇસકો ટાલો;
યહ કર્મ બડા સુખદાઈ. કરો.
યજ્ઞ શુદ્ધ વાયુ ફેલાવે, હલકી હોકર ઉપર જાવે,
વર્ષા કે સંગ નિચે આવે, તબ આનંદ મનાય લો;
હોવેગા અન્ન અધિકાઈ કરો
યહી દેવ પુજા હૈ ભારી, જીવ માત્રકી જો હિતકારી,
પત્થર પુજન દેયો વિસારી, ઇસસે ધ્યાન લગાય લો:
બનો વેદધર્મ અનુયાયી. કરો.

ભજન (૨૫)

તેરી સત્તાકે બિના, હે પ્રભુ મંગલ મૂલ:
પત્તા ભી હિલતા નહિં, ખિલે ન કોઇફૂલ.
જીસમેં તેરા નહિં વિકાસ, ઐસા કોઇ ફૂલ નહિં હૈ. ટેક૦
મૈંને દેખ લિયા સબ ઠૌર, તુઝસા મિલા ન કોઇ ઔર;
સબકા તૂંહિ એક શિર મોર, ઇસમેં કૂછ ભી ભૂલ નહિંહૈ. જીસમેં.
તુઝસે મિલકર કરૂણાકંદ, મુનિવર પાતે હૈ આનંદ;
તેરા પ્રેમ સચ્ચિદાનંદ, ।કસકો મંગલ મૂલ નહિં હૈ. જીસમેં.

ઉર ધર ધર્મ જીવનાધાર, ગુરૂજન કહે પુકાર;
ઉસકા બેડા હો જાય પાર, જીસકે તૂ પ્રતિકૂલ નહિં હે. જીસમેં.
તેરે ગાય ગાય ગુણ ગ્રામ, કરની કરતા હૈ નિષ્કામ;
મનમેં. હે શંકર સુખ ધામ,મેરે એક શંશય સૂલ નહિ હૈ. જીસમેં.

ભજન (૨૬)

ભૂલે જાતે હો તુમ હાય ભારતવર્ષકે રહને વાલે. ટેક.
હમ તુમ ઉનહી કે હૈ સંતાન, જોથે ભૂમિમેં વિદ્વાન;
ગૌતમ પતંજલીજી મહાન, સબ તત્વોં કે જાનને વાલે, ભૂલે.
થે શ્રી રામચંદ્ર મહારાજ,:પિતું આજ્ઞા પર છોડા રાજ:
નહિં સ્વિકારા પદ યુવરાજ, પુરૂષોતમ કહલાવન વાલે. ભૂલે.
અર્જૂન ભિષ્મ હુવે બલવાન, જીનકે લક્ષ સંહારી બાણ;
અબ તજ બ્રહ્મચર્યકી બાન, હો બલ છિન કરાવન વાલે. ભૂલે.
કરકે જાતિકા અભિમાન, નિર્બલ હો ગયે તુમ બલવાન:
દેતે નહિ દશાપર ધ્યાન: જડકો ચેતન માનને વાલે. ભૂલે.
તુમહી તો સબગુણ ખાન, ગાડીયે કયા રચો વિમાન;
અબ પરદેશી ભયે ધનવાન, નઇકલ તાર બનાવન વાલે ભૂલે.
અબભી માનો બાત હમાર, મિલકર કરલો વેદ પ્રચાર;
પાઠક તબહી હોય સુધાર, હો જાઓ માન બઢાવન વાલે ભૂલે.

ભજન (૨૭)

સબ દેશોંમેં મશહુર આર્યાવર્ત્ત કહાતા હૈ ટેક.
પઢલો ઇતિહાસ પુરાના, જાને હૈ સકલ જમાના;
ચાહે અબ કાંઇ કરો જરૂર, ગુરૂ યહી સમજા જાતા હૈ, સબ.
જીતની વિદ્યા હૈ સારી, હુઇ ભૂમંડલો મેં જારી;
હુવા યહાંસે સબકા જહુર, હમે ઇતિહાસ બતાતા હૈ, સબ.

ઇસકા સબૂત હૈ ભાઇ, કરતે અંગરેજ બડાઇ;
દુનિયા દે રહી ગવાહી, યહી સબ વિદ્યાઓંકી માતા હૈ. સબ
યુરોપકે ફિલાસફર ભારે, મરતે યહ શબ્દ ઉચ્ચારે;
પ્રભુ બિનય કરો મંજુર, (હો આર્યાવર્ત્તમેં જન્મ)
મેક્ષમુલર ફરમાતા હૈ. સબ.
અબવહી દેશ હૈ પ્યારો જીસે હિન્દુસ્થાન પુકારો;
સબ ઇજ્જત મિલગઇ ધર, દેખ કર રોના આતા હૈ. સબ.
ઉઠ બાસુદેવ અબભાઇ કુછતો કર દેશ ભલાઇ;
સબ આલસ કરદો દૂર, રૂષિ ઉપદેશ સુનાતા હૈ.

ભજન (૨૮)

ओ३म्. જપન ક્યોં છોડ દિયા તૂને **ओ३म्** જપન૦
કામ ન છોડા ક્રોધ ન છોડા, સત્ય બચન ક્યોં છોડ દિયા તૂને૦
ઝૂઠે જગમેં દિલ લલચાકર, અસલી બતન ક્યોં છોડ દિયા. તૂને૦
કૌડી કો તો ખૂબ સંભાલા, લાલ રત્ન ક્યોં છોડ દિયા. તૂને૦
જિસ સુમરિનસેં અતિ સુખ પાવેં, તિન સુમરિન ક્યોં છોડ દિયા તૂને૦

ભજન (૨૯)

ઇસ વૈદિક ધર્મ પ્રચારકો, હમ જગ ભરમેં કરદેંગે. ટેક.
બ્રહ્મચર્ય ધારણ કરવાકર વેદ ઔર વેદાંગ પઢાકર;
દર્શન કે દર્શન કરવાકર, પૌરાણિક પરપંચકે,
મુખકા મર્દન કર દેંગે.—હમ જગ ભરમેં કરદેંગે.. ઇસ.
ગૃહસ્થ આશ્રમ મેં ફિર લાકર, રૂતુગામી સબહીકો બનાકર;
ષોડસ સંસ્કાર કરવાકર, સંતાનોકી આયુકો.
હમ રૂષિ જીવન કરદેંગે. હમ૦ ઇસ.
પંચયજ્ઞ નિતહી કરવાકર, પ્રકૃતિકા પૂજન છુડવાકર,

પૂરણુ ઇશ્વર ભક્ત બનાકર, ગૃહ આશ્રમકે ઢંગકો,
હમફિર પૂરણુ કર દેંગે. હમ૦ ઇસ.
બાનપ્રસ્થકી બાનિ ચલાકર, આત્માકા સ્વરૂપ લખવાકર,
બ્રહ્મજ્ઞાન પૂરણુ કરવા કર, ઇશ્વર પ્રેમ વિચારમેં,
મનકો સ્થિર કરદેંગે. હમ૦ ઇસ૦
અંતમેં સન્યાસી બનાકર, માન ઔર અપમાન છુડાકર,
પક્ષપાતસે ચિત્ત હટાકર, વેંદોંકા પ્રચાર કર,
દુનિયા ભરમેં બિચરેંગે. હમ૦ ઇસ.
ગુણું અરૂ કર્મ સ્વભાવ મિલાકર, વર્ણુ વ્યવસ્થા ઠીક ચલાકર,
નિયોગ સબહીકો સમજાકર, બિધવનકે દુઃખ ભારકો,
જડમૂલસેં હમ ખોદેંગે. હમ૦ ઇસ.
દયાનંદકી આજ્ઞા શિરધર, પાખંડિનકી પોલ ખોલકર,
કહે રાધાશરણુ યહી પ્રંત ચિત્ત ધર, પર સ્વારથ મન ધારકે,
રૂષિરૂણુસે ઉરિણુ હોવેંગે. હમ૦ ઇસ.

(સૈનિકોનું ગીત.)

ભજન ૩૦ (ભુજંગી છંદ.)

દયાનંદ કે વીર સૈનિક બનેંગે,
દયાનંદ કા કામ પુરા કરેંગે. ૧
ઉઠાયેં ધ્વજા ધર્મકી હમ ફીરેંગે
ઉસીકે લીયે હમ જીયેંગે મરેંગે. ૨
ગુંજાયેંગે વેદોંકો હમ ગીત ગાકર,
દીખાયેંગે દુનિયાં પુરાની બનાકર. ૩
ઉજાડેંગે શહેરોં કો જંગલ બસા કર,
બીતાયેંગે જીવન કો સચ્ચા બના કર. ૪

ઉઠાયેંગે ઋષિઓંકી આવાજકો હમ,
બનાયેંગે ફીર સ્વર્ગ સંસારકો હમ. ૫
મીટાયેંગે સબ સંપ્રદાયોંકા મતકો,
બનાયેંગે ફીર આર્ય સારે જગતકો. ૬
વહી પ્રેમ ગંગા યહાં ફીર વહેગી,
જો સંસારકી તાપમાલા હરેગી. ૭
કહેગા જગત ફિરસે એક સ્વરમેં સારા,
વહી વૃદ્ધ ભારત ગુરૂ હૈ હમારા. ૮

ભજન (૩૧) અમારા દેશમાં સંતાનો.

હમારે દેશમેં જી, કૈસે કૈસે બાલક જન્મે,
સત્સંગી ઇશ્વર વિશ્વાસી, બ્રહ્મચારી ગુણવાન,
પેદા હોતે થે યહાં જબ, હોતાથા વૈદિક-ગર્ભાધાન. હમારે૦
દેખો ભરતકી કીતની ઉમરથી, જીસને છોડયા રાજ,
ગદ્દી કે વારસ હમ નહિ, હૈ રામચંદ્ર મહારાજ. હમારે૦
કંસરાયકો માર ગિરાયા, શ્રી કૃષ્ણ ભગવાન,
ઉગ્રસેનકો ગદ્દી દેકર, આપ ભયે પ્રધાન. હમારે૦
એકવેદી દ્વિવેદી, ચતુર્વેદી કહલાવે,
ઉન બચ્ચોંકો લઇ ગોદમેં, માતા આપ પઢાવે. હમારે૦
દ્વાદશ વર્ષકા હકીકત લડકા, ધર્મે હુઆ કુરબાન,
દિવાલો મેં ચુને ગએ. બહાદુર ગુરુ સંતાન. હમારે૦

ભજન (૩૨) મહર્ષિ મહિમા.

રાગ–કમલી વાલેને.

વેદોંકા ડંકા આલમમેં, બજવા દીયા ઋષિ દયાનંદને,
હર જગહ ઓમકા ઝંડા ફીર, ફહરા દીયા ઋષિ દયાનંદને.